# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : શિતલ વૈષ્ણવ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૩૧-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી :

જો મહિલાઓ સ્વસ્થ રહેશે તો સમાજ સ્વચ્છ બનશે.આહાર શુદ્ધ હશે તો ચેતના પણ શુદ્ધ હશે.ગાંધીનગરથી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવતાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આ મુજબ જણાવ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,માતા અને બાળક તંદુરસ્ત અને પોષણક્ષમ હોય એ સ્વસ્થ રાષ્ટ્ર માટે પાયાની શરત છે. તેમણે જણાવ્યું કે. નાગરિકોએ પોષણ અભિયાનને જન આંદોલન બનાવ્યું છે.

આ પ્રસંગે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે.

**RNU અમદાવાદ**

---

## પ્રભારી મંત્રી-નુકસાનીનું વળતર :

વાવાઝોડાં અને ભારે વરસાદનાં કારણે અસરગ્રસ્ત બનેલા અબડાસાની પ્રભારીમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ મુલાકાત લીધી હતી.કાંઠાળ એવા અબડાસા, માંડવી, મુંદરા અને અબડાસાના નલિયા, જખૌ સહિતના ગામોમાં પાણી ઘૂસ્યા હોવાથી તેને બહાર કાઢી સફાઇ અભિયાન હાથ ધરીને નુકસાનીનો સર્વે કરી અસરગ્રસ્તોને વળતર આપવાની ખાતરી આપી હતી.

**NP –શિતલ વૈષ્ણવ**

---

## ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ :

વરસાદી આફતથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓથી લોકોને પરિવહનમાં કોઈ જ મુશ્કેલી ના પડે તે માટે વરસાદના વિરામ સાથે જ માર્ગ-મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત વિભાગ દ્વારા કચ્છના ક્ષતિગ્રસ્ત રસ્તા, રોડ, પુલ, પાપડી સહિતના માર્ગોનું યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

માર્ગ અને મકાન રાજ્યના અધિક્ષક ઈજનેર ના જણાવ્યા મુજબ,કચ્છમાં ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન વિભાગ હેઠળના કુલ ૨૫ રસ્તાઓ બંધ થયેલા,તેમાંથી ૦૯ રસ્તાઓ તત્કાલ શરૂ કરવામાં આવ્યા છે.જ્યારે માર્ગ અને મકાન પંચાયત વિભાગના હેઠળના ૭૬ રસ્તાઓ બંધ થયેલા તેમાંથી ૨૪ રસ્તાઓ શરૂ કરવામાં આવ્યા છે.જ્યારે નેશનલ હાઇવે વિભાગ હેઠળનો એક રસ્તો બંધ છે.આમ,બાકીના તમામ રસ્તાઓ પર પાણી ઓસરી ગયા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે.

**માહિતી ખાતું**

---

## આરોગ્યતંત્ર દ્વારા ઝુંબેશ :

ચોમાસામાં વરસાદ બાદ મેલેરીયા, ચિકનગુનીયા, ડેન્ગ્યુ,ટાઈફોઈડ,કોલેરા જેવો રોગચાળો ફાટી નીકળવાની સંભાવના હોઈ વહીવટીતંત્ર દ્વારા શહેર તથા ગ્રામ્યકક્ષાએ જંતુનાશક દવાઓનો છંટકાવ,સાફ- સફાઇ,પાણી નિકાલ,પાણીના ટાંકાનું કલોરીનેશન સહિતની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે.

જિલ્લા આરોગ્ય તંત્ર, પાણી પુરવઠા, નગર પાલિકા તથા પંચાયતકક્ષાએ તકેદારીના ભાગરૂપે જુદી જુદી ટીમો બનાવીને પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ટીમો દ્વારા ગામડાઓમાં પાણીના ટાંકામાં ક્લોરીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.તેમજ વરસાદી પાણી જે વિસ્તારોમાં ભરાયેલા છે તેનો નિકાલ કરવાની કામગીરી સતત ચાલી રહી છે.આ સાથે રોડ-રસ્તા તથા જાહેર વિસ્તાર માંથી ગંદકીને દૂર કરી દવા છંટકાવ કરવા તત્કાલ અસરથી સાફ-સફાઇ ઝુંબેશ આરંભવામાં આવી છે.

**માહિતી ખાતું**

---

## <u>ભુજ શહેરમાં સફાઈ અભિયાન :</u>

**કચ્છમાં સાર્વત્રિક ભારે વરસાદની પરિસ્થિતિ બાદ ભુજ નગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સાફસફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે.સમગ્ર ભુજ શહેરમાં સફાઈ કામગીરી માટે નગરપાલિકા દ્વારા ટ્રેક્ટર અને જેસીબી મશીનો સાથેની સફાઈ કામદારોની ટીમને કામગીરી સોંપવામાં આવી છે.**

**ભુજ શહેરના રીંગ રોડ,ભુજિયો ડુંગર રોડ,રિલાયન્સ સર્કલ રોડ, આઈયાનગર વિસ્તાર અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર આસપાસના રોડની સાફસફાઈ ટીમો દ્વારા આયોજનબદ્ધ રીતે કરવામાં આવી છે.ભુજમાં વરસાદ બંધ થતા ગઈકાલે રાતથી જ સાફસફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે.**

**માહિતી ખાતું**

------------------------------------------------------------------------------------------------

## આંગણવાડી કેન્દ્રમાં બાળતુલા દિવસની ઉજવણી :

કચ્છ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં માસના બીજા મંગળવારે બાળતુલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.જેમાં શૂન્ય થી છ વર્ષની ઉંમર ધરાવતા બાળકોનું આંગણવાડી કાર્યકર દ્વારા નિયમિત વજન- ઉંચાઈ માપણીની કામગીરી કરવામાં આવે છે.

તેમજ આંગણવાડી કેન્દ્ર પર દર માસના બુધવારના રોજ મમતા દિનના રોજ આંગણવાડી કાર્યકર અને આશા વર્કર બહેનની હાજરીમાં આરોગ્યની તપાસ કરવામાં આવે છે. જે અંતર્ગત ઓગસ્ટ માસમાં  અતિ કુપોષિત-૨૬૨ અને  મધ્યમ કુપોષિત -૧૦૩૭  બાળકોની ખાસ આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી.

જરૂરિયાત મુજબ બાળકોને ડોક્ટર દ્વારા દવાઓ પૂરી પાડવામાં આવી હતી.આ આરોગ્ય તપાસમાં વાલીઓને પોષણ અંગે રૂબરૂ તથા મોબાઇલ મારફતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

------------------------------------------------------------------------------------------------

## વરસાદની સ્થિતિ :

**હવામાન વિભાગ દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્ર સહીત આગામી એક સપ્તાહમાં રાજ્યભરમાં વરસાદની  આગાહી કરવામાં આવી છે.ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં વરસાદમાં નોંધપાત્ર ઘટાડો થતાં પૂરની સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે.**

**NP-શીતલ વૈષ્ણવ**

------------------------------------------------------------------------------------------------